| કેસ દાખલ તારીખ | ૧૦–૦૩–૨૦૨૬ | | |
|---|---|---|---|
| કેસ નોંધણી તારીખ | ૧૦–૦૩–૨૦૨૬ | | |
| કેસ ફેંસલ તારીખ | ૧૨–૦૩–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૨ |

**વિસાવદરના ચોથા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : વિસાવદર**

ક્રિમીનલ પરચુરણ અરજી નંબર : ૫૪/૨૦૨૬

**આંક–**

**અરજદાર/આરોપી:–** દર્શન ઉર્ફે કાનો ભીખુભાઈ અમીપરા,
ઉ.વ.આ.૨૩, ધંધો : મજુરી,
રહે.કાલસારી, વિસાવદર, જી.જુનાગઢ.
હાલ જીલ્લા જેલ જુનાગઢ.

**વિરૂઘ્ઘ...**

**સામાવાળા:–** સ ર કા ર શ્રી

બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર/આરોપી તરફે : **વિ.વકીલશ્રી કે.બી.જોષી.**
સામાવાળા તરફે : **વિ.એ.પી.પી.શ્રી વી.એન.માઢક**

---

**–: : ચુ કા દો : :–**

1. હાલના કામના અરજદાર/આરોપીએ વિસાવદર પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૭૦૨૫૦૫૦૯/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ ૧૦૯(૧), ૧૧૫(૨), ૨૯૬(બી),૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુન્હાના કામે કામે બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન

ઉપર મુકત થવા અરજી કરેલ છે.

2. અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી હાજર રહેલા છે. અરજદાર તરફે વિ.વકીલશ્રીની તથા સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રીની દલીલો સાં ભળી. અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું આંક–૬ થી રજુ સોગંદનામું વંચાણે લીધુ.

3. અરજદારનીઅરજી મુજબ હાલના અરજદાર/આરોપીની તા.૧૧–૧૧–૨૦૨૫ ના રોજ ૨૩–૫૦ વાગ્યે ધરપકડ કરી તા.૧૨–૧૧–૨૦૨૫ ના રોજ વિ.મેજીસ્ટ્રેટ કોર્ટમા રજુ કરતા વિ.મેજીસ્ટ્રેટ કોર્ટે જયુડીશયલ કસ્ટડીમા લીધેલ. ત્યારબાદ અરજદાર/આરોપીએ તા.૧૨–૧૧–૨૦૨૫ ના રોજ જામીન અરજી રજુ કરતા વિ.મેજીસ્ટ્રેટ કોર્ટે જામીન અરજી તા.૧૩–૧૧–૨૦૨૫ ના રોજ નામંજુર કરેલ છે. ત્યારબાદ આરોપી ધવારા અત્રેની સેશન્સ કોર્ટમાં ફો.પ.અ.નં. ૧૮૧/૨૦૨૫ દાખલ કરેલ. અરજી મુજબ આરોપી વિરુધ્ધ તપાસ ચાલુ હોય અદાલત ધ્વારા આરોપી ની જામીન અરજી નામંજુર કરેલ હતી. પરંતુ, હવે આરોપી વિરુધ્ધની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ પણ અદાલતમાં દાખલ કરેલ છે. જે સંજોગોમાં હવે પુરાવા સાથે ચેડા થવાની શકયતા નથી. જેથી હાલની અરજી લાવેલ છે. અરજી મુજબ આ કામના અન્ય આરોપી ભીખુભાઈ હીરાભાઈ અમીપરાએ નામદાર કોર્ટમા ફો.પ.અ.નં.૧૬૯/૨૦૨૫ થી જામીન અરજી કરેલ જે નામદાર કોર્ટ ધ્વારા મંજુર કરવામા આવેલ છે તેથી હાલના અરજદાર/આરોપીને પેરીટીના સિધ્ધાંતનો લાભ આપવા અરજ છે, હાલના ગુન્હાની ફરીયાદ તા.૧૧–૧૧–૨૦૨૫ ના કલાક ૧૮–૪૦ વાગ્યે નોંધાવેલ છે, ગુનો બન્યા તા.૧૧–૧૧–૨૦૨૫ ને કલાક ૧૨–૩૦ વાગ્યાના અરસામા બનેલ હોવાનુ જણાવી હાલની ફરીયાદ કરેલ છે આમ ફરીયાદ મોડી છે, ફરીયાદ મોડી થવા પાછળનુ કોઈ કારણ મુળ ફરીયાદીએ ફરીયાદમા

જણાવેલ નથી, ફરીયાદ કાયદાના કોઈ નિષ્ણાંત માણસ ધ્વારા તૈયાર કરી આરોપીને ફીટ કરી દેવામા આવેલ હોય તે રીતે હાલનો બનાવ બનેલ છે, ફરીયાદની હકીકતો જોતા ફરીયાદીએ જ્ઞાતિના રાગદ્રેષના કારણે અને મનદુ:ખના કારણે ફરીયાદ કરેલ છે, અરજદાર/આરોપી નાની ઉંમરના ૨૩ વર્ષના છે, ફરીયાદ જોતા અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ ન હોવા છતા હાલના ગુનામા ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે, અરજદાર/આરોપીની આ પ્રથમ જામીન અરજી છે, ફરીયાદ જોતા બનાવના હેતુ સાથે અરજદાર/આરોપીને કોઈ સબંધ નથી, અરજદાર/આરોપીએ બનાવમા કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સહ ભાગ ભજવેલ નથી, માત્ર કૌટુંબીક અને જ્ઞાતિના રાગદ્રૃષ અને રાજકીય ખટપટના કારણે હાલના કેસમા ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે, અરજદાર/આરોપી વિસાવદર તાલુકાના કાલસારી ગામના રહીશ છે કયાંય નાસીભાગી જાય તેવા નથી, અરજદાર/આરોપી ઉપર તેના પરીવારની ભરણપોષણની જવાબદારી છે, અરજદાર/આરોપી ખેત-મજુરી કરે છે અને ખેતીકામ કરે છે આ સંજોગો ધ્યાને લઈને જામીન મુકત કરવા અરજ કરેલ છે, અરજદાર/આરોપીને હાલના કેસમા શંકાના આધારે ખોટી રીતે ફીટ કરી દેવામા આવેલ છે, અરજદાર/આરોપીની ઓળખ અંગેનો પ્રથમદર્શનીય પુરાવો ઉપલબ્ધ ન હોય અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે, મેડીકલ પુરાવાઓ જોતા ફરીયાદી ઈજા પામનારને કોઈ વાયટલ પાર્ટમા ઈજા નથી અને હાલમા ઘણા સમયથી સારવાર હેઠળ નથી, ફરીયાદી ઈજા પામનાર દવાખાનામાથી ડીસ્ચાર્જ થઈ  ગયેલ છે, તપાસ કરનાર અમલદારના તમામ પેપર્સ જોતા અરજદાર/આરોપીને ઈજા સાથે કોઈ સુસંગત પરીબળ ઉપલબ્ધ ન હોય તે સં જોગોમાં પણ અરજદારને જામીન મુકત કરવા અરજ કરેલ છે, પોલીસ તપાસ પુર્ણ થઈ ગયેલ છે, તેથી તપાસના કામે કોઈ આરોપીની જરૂરીયાત નથી, અરજદાર/આરોપી સામે જ્ઞાતિના મનદુ:ખના કારણે હાલની ખોટી ફરીયાદ કરેલ છે, ફરીયાદીને કોઈ વાઈટલ પાર્ટ ઉપરની ઈજા હોય તે અંગેનો પણ કોઈ સીધો

કે આડકતરો પુરાવો ઉપલબ્ધ ન હોય તેમજ ઓળખ છતી થતી ન હોય, કહેવાતા પોલીસ પેપર્સ ધ્યાને લેતા અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કોઈ સીધો કે આડકતરો પુરાવો ઉપલબ્ધ ન હોય, જેથી નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામા ઠરાવેલ પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈને અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

4. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી કે.બી.જોષીએ દલીલ કરતા જણાવેલ છે કે, આજ ગુનાના સહ આરોપી જામીન મુકત છે જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર હાલના અરજદાર/આરોપી જામીન મુકત થવા પાત્ર છે. વિ.વ.શ્રીએ વધુમા દલીલ કરતા જણાવેલ છે કે આરોપી તા.૧૧/૧૧/૨૫ થી જેલમાં છે, ફરીયાદીને ૨ (બે) દિવસમાં હોસ્પીટલમાંથી ડિસચાર્જ આપી દીધેલ છે. આરોપી નાની વયના છે. જે તમામ હકીકતને ધ્યાને લઈને જામીન પર મુકત કરવા રજુઆત કરેલ છે.

5. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. આરોપી વિરુધ્ધ ગંભીર ગુનાનો આરોપ છે.આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તે નાસી ભાગી જાય તેવી શકયતા છે જે કારણે ન્યાયમાં વિલંબ થાય તેમ છે, આરોપીને જામીન મુકત કરવામાં આવેતો ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી લાલચ આપી ફોડી નાખવાનો પ્રયત્ન કરે તેવી શકયતા છે. જેથી ફરીયાદપક્ષના પુરાવાને નુકશાન થવાની શકયતા છે. ચાર્જશીટ થઈ ગયેલ છે તેથી સંજોગો બદલાઈ ગયેલા ગણી શકાય નહી. બલ્કે ચાર્જશીટ થયેલ છે. જે ધ્યાને લેતા આરોપી સામે તપાસ દરમ્યાન પુરતા પુરાવા મળી આવેલાનુ સ્પષ્ટ થાય છે. જે તમામ હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી રદ કરવા રજુ કરેલા છે.

6. એ હકીકત છે કે અદાલત જામીનના તબકકે કોઈ સજાત્મક અભિગમ અપનાવી શકે નહીં. બેઈલ ઈઝ રૂલના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતા પણ યોગ્ય

કેસમા આરોપી જામીન મુકત થવાને પાત્ર ઠરે છે.

7. પરંતુ પ્રસ્તુત કેસમા અરજદાર તરફેની ઉપરોકત રજુઆત સાથે ત.ક.અમલદારના એફીડેવીટને અને રેકર્ડ ઉપરની હકીકતને ઘ્યાને લેતા આરોપી સામે બી.એન.એસ. ની કલમ ૧૦૯(૧) જેવા ગંભીર ગુનાનો આરોપ છે. એફ.આઈ.અર.ની વિગતે હાલના આરોપી જ હાથમા લોખંડનો પાઈપ લઈ આવી, ભોગ બનનારના માથામા માર મારવા લાગેલ અને લોખંડની પાઈપના બે ઘા માથાના ભાગે મારી દીધેલ છે. આમ, હાલના આરોપી ઘ્વારા ગુનામા જે રીતે ભાગ ભજવેલ છે તેને ઘ્યાને લેતા આરોપી પેરીટીનો લાભ મેળવવાનો હકકદાર ઠરતા નથી. અગાઉ આ ગુનાના સહ આરોપીને આ અદાલતે જામીન મુકત કરેલ છે પરંતુ તેઓ પર વરસની વયના હતા, વાહન અકસ્માત સિવાય અન્ય કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા ન હતા અને ફરીયાદની વિગતે તેઓએ ગુનામાં જે રીતનો ભાગ ભજવેલાનો આરોપ છે તેનાથી ઘણો વિશેષ અને ગંભીર સ્વરુપનો ગુનાહીત કૃત્ય હાલના અરજદાર/આરોપીએ આચરેલ હોવાનો આરોપી સામે આરોપ છે. વળી, પોલીસ અભિપ્રાય તથા સાથે રજુ આરોપીના ગુનાહીત ઈતિહાસના સ્ટેટમેન્ટને ઘ્યાને લેતા આરોપી સામે જુદા જુદા ૧૬ ગુના નોંધાયેલ છે. જેમા ઘણા ખરા ગુના ગંભીર સ્વરૂપના છે. વળી, સદર તમામ ગુનાની વિગતોને ઘ્યાને લેવામા આવે તો આરોપી સને ૨૦૨૩ ના વર્ષથી ગુનાહીત પ્રવૃતિઓ આચરતો હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. એટલુ જ નહીં સને ૨૦૨૫ ના વર્ષના જ માત્ર ગુના ઘ્યાને લેવામા આવે તો મે-૨૦૨૫ દરમ્યાન ૩ ગુના, જુન-૨૦૨૫ દરમ્યાન ૩ ગુના, સપ્ટેમ્બર-૨૦૨૫ દરમ્યાન ૨ ગુના નોંધાયેલ છે. હાલનો ગુનો નવેમ્બર-૨૦૨૫ દરમ્યાન નોંધાયેલ છે. આમ, આરોપી ગુનાહીત માનસીકતા ધરાવતો અને સતત ગુનાહીત કૃત્ય કરતો ઈસમ જણાય આવે છે. આ સંજોગોમાં ત.ક.અમલદારની એ આશંકામાં વજુદ જણાય છે કે આ તબકકે આરોપીને જામીન મુકત કરવામા આવે તો તે ફરીયાદી તથા સાહેદોને પ્રલોભન કે ધાકધમકી આપે અથવા આવા જ

પ્રકારના નવા ગુના આચરે અથવા સાહેદોને ડરાવી–ધમકાવી, લોભ–લાલચ આપી, તોડવા–ફોડવાના કારસા રચે. ત.ક.અમલદારના રીપોર્ટ મુજબ ફરીયાદી અને સાહેદો તથા આરોપી એક જ ગામના હોય ઝઘડો, તકરાર થવાની શકયતા હોવાનુ જણાવેલ છે તે શકયતા પણ આરોપીના ગુનાહીત ઈતિહાસને ધ્યાને લેતા આધારવિહોણી જણાતી નથી. આમ, જામીન મુકિતના તબકકે ફરી ગુનો બનવાની શકયતા છે કે કેમ તે હકીકતને પણ અદાલતે ધ્યાને લેવા પાત્ર ઠરે છે. વળી, હાલ તપાસ પુર્ણ થયેલ છે અને ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે. તેથી ઉપરોકત સંજોગોમાં કોઈ પરીવર્તન આવતુ નથી. ત્યારે આરોપીની જામીન મુકિતથી ફરીયાદપક્ષના પુરાવાને વિપરીત અસર થાય તેવી વિ.એડી.પી.પી.ની રજુઆત પણ આધારવિહીન જણાતી નથી. આરોપી ૨૩ વરસના નાની વયના હોવાની રજુઆપત છે પરંતુ ૨૦૨૩ થી તેઓ જે રીતે ગુનાહીત પ્રવૃતીમાં સંડોવાયેલ હોવાનો પોલીસ અભીપ્રાય રજુ છે તે ધ્યાને લેતા આરોપીની જામીન મુકિત  તેને વધુ ગુના આચરવા માટે બળ પુરુ પાડે તેવી ત.ક.અમલદારની રજુઆત અસ્થાને જણાતી નથી. આમ, આરોપી નાની ઉમરના છે એટલા માત્ર કારણસર આરોપીની જામીન મુકિત બાબતે પોતાની મુનસફીની સત્તાનો ઉપયોગ કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો નથી.

8. વળી, આરોપીના સ્વતંતત્રતાના અધિકારની સાથે સાથે ફરીયાદી અને ભોગ બનનાર કોઈપણ ભય વિના સમાજમા હરીફરી શકે તેવા તેમના સ્વતંત્રતાના અધિકારને પણ આ અદાલતે ધ્યાને લેવાના રહે છે. જે તમામ રેકર્ડ ઉપરની હકીકતને ધ્યાને લેતા હાલના આરોપીને જામીન મુકત કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો ન હોય, ગુનાનો પ્રકાર, પ્રમાણ અને સજાની જોગવાઈ સાથે રેકર્ડ ઉપરની હકીકતને ધ્યાને લઈને ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

હાલના અરજદાર/આરોપી દર્શન ઉર્ફે કાનો ભીખુભાઈ અમીપરાનાઓની હાલની બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયેની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ **તા: ૧૨ મી માહે માર્ચ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ : ૧૨.૦૩.૨૦૨૬
સ્થળ : વિસાવદર.

**( હેતલકુમાર વિનોદરાય જોશી )**
ચોથા એડીશનલ સેસન્સ
જજ,વિસાવદર.
કોડ નં.જીજે.૦૦૫૯૯